# પાલનપુરમાં આર. એસ. એસ.ના અગ્રણી પર હૂમલો

## પાલનપુર નગરના માજી નગરકાર્યવાહ પર કેરોસીન સહીતના રેશનીંગની કાળાબજારી કરતા અસામાજીક તત્વોએ કરેલા હુમલાના પડયા ઘેરા પ્રત્યાઘાત

પાલનપુર, તા. ૨

પાલનપુર શહેરમાં પોલીસની રહેમ નજર તળે અસામાજીક તત્વોને મોકળુ મેદાન મળતા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી રહી હોઈ હોવાની બુમરાણ મચી છે. પાલનપુરમાં પોલીસની ઢીલીનીતીને કારણે અસામાજીક તત્વો માથું ઉંચકી રહ્યા હોવાની રાવ વચ્ચે દિન-દહાડે ચોરી-ચકારી સહીત મારામારીના બનાવો સામાન્ય બનતા જાય છે. જેની પ્રતિતી કરાવતા ગતરોજ બનેલા એક બનાવમાં પાલનપુર શહેરના સુખબાગ રોડ પર આવેલા અર્બુદાનગર વિસ્તારમાં રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ પાલનપુર નગરના માજી નગરકાર્યવાહ અને સંઘ અગ્રણી ચંદ્રેશભાઈ ઠાકર પર હીચકારો હુમલો થતા ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુર શહેરમાં ડમી નામે સસ્તા અનાજની રેશનીંગની દુકાન ચલાવતો અને રેશનીંગનો કાળો કારોબાર કરતો સુરજમલ દીપાજી ખત્રી અને તેના બે દીકરાઓનો ત્રાસ વધતો જાય છે. ગતરાત્રે શહેરના અર્બુદાનગર ખાતે રહેતા આર.એસ.એસ.ના પાલનપુર નગરના માજી કાર્યવાહ અને સંઘ અગ્રણી ચંદ્રેશભાઈ પી.ઠાકર પર પાઈપ-ખિલાસરી સહીતના હથીયારો વડે હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ચકચાર મચી જવા પામી હતી. પડોશી પરીવારો વચ્ચે ધુળેટી ટાણે રંગ છાંટવાની બાબતે થયેલી બોલાચાલીની અદાવત રાખી અપશબ્દોનો મારો ચલાવતા સુરજમલ દીપાજી ખત્રી પરીવારને ચંદ્રેશભાઈ ઠાકરએ અપશબ્દો નહી બોલવાનું જણાવતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા. બાદમાં તેના બે દીકરા ઉદય અને રાજુ સાથે આવેલી તેની બાએ સંઘના અગ્રણી ચંદ્રેશભાઈ ઠાકર પર પાઈપ સહીતના હથીયારો વડે હુમલો કરી માથા તથા પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેઓને તાકીદે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પુરવઠા ખાતામાં પોતાના નામે કોઈ સસ્તા અનાજની દુકાન ન હોવા છતાં પુરવઠા તંત્રની રહેમનજર તળે ડમી તરીકે સસ્તા અનાજની રેશનીંગની દુકાન ચલાવી કેરોસીન સહીત રેશનીંગના કાળાબજારીયા તરીકે કુખ્યાત બનેલો સુરજમલ દીપાજી ખત્રી અને તેના પુત્રો અસામાજીક તત્વ તરીકે આ વિસ્તારમાં પંકાયેલો છે. ખુલ્લેઆમ દાદાગીરી કરી રેશનધારકોને પણ ડરાવતા ધમકાવતા આ લોકોને હવે કાયદોનો પણ ડર ન રહેતા તેઓએ સંઘ અગ્રણી પર કરેલા હુમલાના ઘેરા પ્રત્યાઘાતો પડયા હતા. ચંદ્રેશભાઈ ઠાકર પર થયેલા હુમલાને લઈને રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ અને તેની ભગીની સંસ્થાના સ્વંય સેવકો સહીત તેમનું બહોળું મિત્ર વર્તુળ પણ ખબર અંતર પુછવા દોડી આવ્યા હતા. જેઓએ આ બનાવને વખોડી કાઢતા આવા અસામાજીક તત્વોને નાથવાની માંગ કરી હતી. પાલનપુર પશ્રિમ પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે પોલીસ પણ આવા અસામાજીક તત્વોને કાયદાનો પાઠ ભણાવે તેવી માંગ ઉઠી છે. જયારે પુરવઠા તંત્ર પણ રેશનીંગના કાળાબજાર કરતા આ બખીયાના કાળા કારોબારની તપાસ કરાવી તેની શાન ઠેકાણે લાવે તે જરૂરી બન્યું છે.



## શામળાજી પીએસઆઈના જન્મદિવસ નિમિત્તે ગરીબોને મફત કપડાનું વિતરણ

થોડાક દિવસો પહેલા શામળાજી પીએસઆઈને દારૂ ભરેલી કારના ડ્રાઈવરે ટકકર મારતાં શામળાજી પીએસઆઈ એ. કે. વાળા હાલ જીવન મરણ વચ્ચે જોલા ખાઈ રહયા છે. ત્યારે તેમના જન્મ દિવસ નિમિત્તે મેઘરજ ખાતે નરેન્દ્ર મોદી વિકાસ મંચના કાર્યકરો ધ્વારા વાળા સાહેબની તબીયતમાં સુધારો આવે તે માટે મેઘરજ ખાતે નરેન્દ્ર મોદી વિકાસ મંચના કાર્યકરો ધ્વારા ગરીબ લોકોને તેમજ ઝુપડપટ્ટીના જરૂરીયાતમંદ લોકોને મફત કપડાનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. ત્યારે આ પ્રસંગે અખિલ ભારતીય નવયુવક સંઘ અને નરેન્દ્ર મોદી વિચારમંચના કાર્યકરો તેમજ ગુજરાત પ્રદેશ સંગઠનના સંકેતભાઈ ચૌધરી અને યુવા ભાજપની ટીમ ઉપસ્થીત રહી હતી.

# અરવલ્લી જીલ્લામાં અત્યાર સુધી ૧૨થી વધુ ખેતરોમાં ઘઉંના ઉભા પાકમાં આગ

## જીઈબી તંત્ર ઘોર નિદ્રામાં : મોડાસાના આનંદપુરા કંપામા આજે ૧૦૦ મણ ઘઉ બળીને ખાખ

મોડાસા, તા.૨

છેલ્લા એક અઠવાડીયાની અંદર અરવલ્લી જીલ્લામાં અત્યાર સુધી ૧૨ જેટલા ખેતરોમાં ઘઉનો ઉભો વરીયાળીના પાકને મોટા પ્રમાણમાં નુકશાન થવા પામ્યુ છે. જયારે કપાસની ખેતીમાં સરકાર ધ્વારા ટેકાના ભાવ ન મળતા મુશ્કેલીમાં મુકાયા હતા. ખાખ થઈ ગયો છે ત્યારે એક જ સપ્તાહમાં અરવલ્લી જીલ્લાના મોડાસા બાયડ અને મેઘરજ તાલુકાના ૧૨ જેટલા ગામડાઓમાં ખેતરમાં



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

પાક બળી જવાને કારણે ખેડુતોના પેટ ઉપર પડતા પર પાટુ વાગ્યુ હોઈ તેવી પરીસ્થીતીનુ નીર્માણ થવા પામ્યુ છે.

અરવલ્લી જીલ્લાના મોડાસા બાયડ અને મેઘરજ તાલુકામાં આવેલા ગામડાઓમાં છેલ્લા એક અઠવાઠીયામાં વિજલાઈનમાંથી ઝરેલા તણખાને કારણે ઘઉના ઉભા પાકના ખેતરોમાં આગ લાગવાના કારણે ઘઉનો ઉભો પાક બળીને આખ થઈ ગયો છે. કુદરત જાણે ખેડુતો પર રૂઠી હોય તેમ થોડાક સમય પહેલા માવઠાના કારણે જીરૂ અને જયારે બટાકાની ખેતીમાં ભાવ ન મળતા રોવાનો વારો આવ્યો છે.

અરવલ્લી જીલ્લામાં ઠેરઠેર ઘઉના ઉભા પાકની લણણી ચાલી રહી છે ત્યારે ખેડુતોના મોઢામાં આવેલો કોડીયો જાણે છીનવાઈ જતો હોય તેવુ લાગી રહયુ છે. કુદરતની થપાટ સાથે ખેડુતો વીજતંત્રની બેદરકારીનો ભોગ બની રહયા હોય તેવુ લાગી રહયુ છે. છેલ્લા એક સપ્તાહમાં અરવલ્લી જીલ્લામાં ખેતર ઉપરથી પસાર થતી વિજલાઈનના તાર ભેગા થવાને કારણે હજારો મણ ઘઉનો પાક બળીને લાગેલી આગના કારણે જગતના તાતની ચિંતા વધારી દીધી છે. આમ છેલ્લા અઠવાડીયાથી જે રીતે ખેતરમાં વીજતાર ભેગા થવાના કારણે આગ લાગે છે અને ખેડુતોના ઘઉનો પાક બળીને ખાખ થઈ જાય છે. પરંતુ નઘરોળ જીઈબી તંત્રનુ પેટનુ પાણી ન હલતુ હોય તેમ તંત્ર ધ્વારા કોઈ પણ કાર્યવાહી કરવામાં આવી નથી. ત્યારે આવા કપારા સમયમાં સરકાર ધ્વારા ખેડુતોની મદદ કરવામાં આવે તેવી ભારતીય કીસાન સંઘ ધ્વારા માંગણી કરવામાં આવી છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્મામાં પાંડુરોગ નિયંત્રણ તાલીમ યોજાઈ

ખેડબ્રહ્મા મુકામે એનિમિયા નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત નેશનલ આયર્ન પ્લસ ઈનેસીયેટીવ પ્રોગ્રામની તાલીમનું આયોજન કરવામાં આવેલ જેમાં નોડલ શિક્ષકશ્રીઓ, આંગણવાડી કાર્યકર, ફિ.હે.વ. તથા આશા ફેસીલીટેટર તાલીમમાં હાજર રહેલ. તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ગઢવી દ્વારા એનિમીયા નિયંત્રણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું, તેમજ ડૉ. ભાવેશ પરમાર મેડીકલ ઓફિસરશ્રી પ્રા.આ. કેન્દ્ર દેરોલે પ્રેઝન્ટેશન દ્વારા વિસ્તૃત જાણકારી આપવામાં આવી. તાલુકા આઈ.ઈ.સી. ઓફિસર રાજેન્દ્રસિંહ વાઘેલા તથા તાલુકા હેલ્થ સુપરવાઈઝર અક્ષય પંડ્યા દ્વારા તાલીમનું વ્યવસ્થાપન કરવામાં આવ્યું.

# ગુંદરી નજીક ટ્રકમાંથી દેશી તમંચા અને ૩ જીવતા કારતુસ સાથે બેની ધરપકડ

ગુંદરી નજીક વાહન ચકાસણી દરમિયાન પાંથાવાડા પોલીસે એક શકમંદ ટ્રકની તલાશી લીધી હતી જેમાં આ ટ્રકમાં છુપાયેલો એક દેશી તમંચો અને ૩ જીવતા કારતૂસ મળી આવતા પોલીસે ચાલક અને તેના સાથીદારની ધરપકડ કરેલ છે.

આ ઘટનાની વિગત જોઈએ તો પાંથાવાડા પોલીસ સબ ઈન્સ્પેકટર વી.આર. ચાવડા અને સ્ટાફ ગુંદરી નજીક વાહન ચકાસણી કરી રહ્યા હતા જે દરમિયાન ટ્રક નંબર આર.જે. ૦૫-જી એ ૫૦૪૧ ગાંધીધામ તરફથી રાજસ્થાન તરફ જતું હોઈ શક આધારે અટકાવાયું હતું. આ ટ્રકમાં કોલસો ભરેલો હતો જો કે વધુ તપાસમાં ટ્રકનાં સ્પીડો મિટર નીચે સિફતપૂર્વક છુપાવેલ એક દેશી તમંચો અને ૩ જીવતા કારતૂસ મળી આવ્યા હતા. આ હથિયાર રાખવાનો ચાલક અને તેના સાગરિત પાસે કોઈ પરવાનો ન હતો જેથી પી.એસ.આઈ. વી.આર. ચાવડાએ ટ્રક ચાલક સતવીરસીંગ ભોપાલસિંગ રહે. ગ્વાલિયર (મધ્યપ્રદેશ) તેમજ તેના સાગરિત મહેતાલસિંગ સુન્ગ્રામસિંગ જાટ રહે ધરમપુર (ઉ.પ્ર.)ની ધી આર્મ્સ એક તળે ધરપકડ કરેલ છે. પોલીસે બંને આરોપી પાસેથી ૩ મોબાઈલ, દેશી તમંચો, ૩ જીવતા કારતુસ સાથે ટ્રક અને તેમાં ભરેલ કોલસો વિગેરેની કિંમત રૂપિયા ૧૬૨૮૮૨૯નો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરેલ છે.

## પ્રાંતિજમાં હનુમાન જયંતિની તડામાર તૈયારીઓ

પ્રાંતિજ, તા. ૨

પ્રાંતિજ તાલુકામાં સ્થિત રાસલોડ હનુમાન મંદિર સહિતના મંદિરોમાં હનુમાન જયંતિ ઉત્સવની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

હનુમાન જયંતિ પર્વે હનુમાન ભક્તો દ્વારા પૂજન, હવન, આરતી, પ્રસાદનું પણ વિશેષ આયોજન કરવામાં આવશે. જ્યારે મંદિરોની આસપાસ પણ રોશની કરવામાં આવી છે. આ પર્વે દર વર્ષની જેમ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો સાધુ સંતો ઉપસ્થિત રહેશે. તેમ પ્રમુખ રઈશભાઈ કસ્બાતીએ જણાવ્યું હતું.

# શામળાજી પોલીસનો બુટલેગરો પર સપાટો : રતનપુર ચેકપોસ્ટથી બોલેરો ગાડીમાંથી ૧.૨૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

શામળાજી, તા. ૨

ગાંધીનગર રેન્જ આઈ.જી. હસમુખ પટેલે ચાર્જ સંભાળતાની સાથે જ અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક આવેલી આંતર રાજ્ય સરહદ રતપુર ચેકપોસ્ટ નજીકથી વિદેશી દારૂ ઝડપવામાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે ગઈકાલે સવારે ૧૧ વાગ્યાની આસપાસ શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલા અને પોલીસ સ્ટાફે રતનપુર ચેકપોસ્ટ નજીકથી બોલેરો ગાડીમાં વિદેશી દારૂ ભરીને ગુજરાતમાં ઘુસાડવા જતાં ઝડપાઈ ગયા હતા.

ભીલોડા તાલુકાના શામળાજી નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીકથી શામળાજી પોલીસને વિદેશી દારૂની ખેપ મારતા વધુ એક બુટલેગરોને ઝડપવામાં સફળતા મળી હતી. શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલા અને પોલીસ જવાનોએ આંતરરાજ્ય બુટલેગરો દ્વારા વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નશીલ બુટલેગરો પર સપાટો બોલાવતા સઘન વાહન ચેકિંગ હાથ ધર્યુ હતું. ત્યારે રાજસ્થાન બાજુથી આવતી બોલેરો ગાડી નં. જીજે૧૯બીસી ૬૪૭૩માં ભરીને આવી રહેલ ભરતભાઈ કોદરભાઈ પરમાર (ભુતાવળ તા. ભિલોડા) અને કિશોરભાઈ ભરતભાઈ વણજારા (રહે. ચોતરા રાજસ્થાન)ને ઝડપી પાડી ગાડીમાં તપાસ હાથ ધરતાં બોલેરો ગાડીમાંથી વગર પાસ પરમીટ વિનાની ૨૮ દારૂની પેટીઓ કિંમત રૂ. ૧.૨૬ લાખનો દારૂ ઝડપી પાડ્યો હતો અને વિદેશી દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લેવાતી બોલેરો ગાડી રૂ. ૫૦૦૦૦૦ મળી કુલ મુદ્દામાલ રૂ. ૬.૨૬ લાખનો જપ્ત કરી ગેરકાયદેસર રીતે ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડવાના ગુન્હામાં ઝડપી પાડી આરોપીને જેલને હવાલે કર્યો હતો. જ્યારે આ વિદેશી દારૂની ખેપ મારવામાં મદદગારી કરનાર અન્ય ૫ જેટલા શખ્સોને ઝડપી પાડવા શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલાએ ચક્રો ગતિમાન કર્યા છે.



(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

# ખેડબ્રહ્મા નગરપાલિકાએ મિલ્કતધારકો પાસેથી ૧.૨૦ કરોડ વેરો વસૂલ્યો

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા નગરપાલિકાએ વર્ષ-૨૦૧૪-૧૫માં મિલ્કત ધારકો પાસેથી કરવેરા પેટે અંદાજે રૂ. ૧.૨૦ કરોડની વિક્રમી વસુલાત કરી છે. પાલિકાએ વેરા બાકીદારો સામે સઘન ઝુંબેશ ચલાવી ચાલુ વર્ષે વેરાની ૨.૦૦ કરોડની સામે ૧.૨૦ કરોડ વેરો ઉઘરાવી ૮૫ ટકા વસુલાત કરી અગ્રેસર રહી છે.

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં વસુલવા વેરા બાકીદારો સામે સઘન ઝુંબેશ ચલાવી હતી અને વેરાની વિક્રમી વસુલાત કરી હતી. નગરપાલિકાના બી.બી મકવાણા અને જી.જી. ચાવડા દ્વારા વોર્ડ પ્રમાણે યાદી બનાવી કામગીરી હાથ ધરી હતી. જેમાં રીઢા બાકીદારો પાસે વર્ષો જૂના બાકી માગણા વસુલવામાં આવ્યા હતા. પાલિકા દ્વારા ઈન્દિરાનગર, ભાટવાસ, પંચશીલ, પ્રજાપતિ ભાટવાસ, ઠાકરડાવાસ, પ્રજાપતિ વાસમાં ખાસ અભિયાન હાથ ધરી વેરા વસુલાત કરવામાં આવી હતી,. રીઢા બાકીદારો પાસે માગણાની વસુલાત માટે નળ કનેક્શન વેરા વસુલાત માટે જપ્તીસીલ મારવા જેવા કડક પગલા ભરવામાં આવ્યા હતા. પાલિકાના પ્રમુખ વિનોદભાઈ આર. પટેલ, ઉપપ્રમુખ હિતેશભાઈ દિક્ષિત અને વેરાવસુલાત ચેરમેન કલાબેન પી. પટેલ ૮૫ ટકા વસુલાત કરવા બદલ કર્મચારીઓને બિરદાવ્યા હતા.

# ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોમાં પીવાના ગરમ પાણીથી મુસાફરો ત્રસ્ત

ખેડબ્રહ્મા,તા. ૨

ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોમાં છેલ્લા કેટલાય સમયથી પીવાના પાણીની સમસ્યાથી મુસાફરો ત્રસ્ત છે. પણ તંત્રના પેટનું પાણી હાલતું નથી.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા શહેરનું એસ.ટી. ડેપોમાં તંત્ર દ્વારા પીવાના પાણીની પરબની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેને ગયા વર્ષ સુધી વર્કશોપમાં આવેલ ટાંકીમાંથી પાણી આવતુ હતુ પણ ગયા વર્ષે તે પાણીની ટાંકી તોડી નાખવામાં આવી હતી. જે નવીન બનાવવાની હતી, પણ હજુ સુધી બનાવવામાં આવેલ નથી.

પ્રજાપતિ તળશીભાઈ (અંબાઈગઢા) અને પટેલ મેહુલ, પટેલ સુહાસના જણાવ્યા પ્રમાણે પરબનું કનેકશન ડેપોની ઉપર મુકવામાં આવેલ પ્લાસ્ટીકની કાળી ટાંકીમાં આપવામાં આવેલ છે. જે પાણી સવારમાં જ ગરમ થઈ જાય છે. જેને કારણે હાલમાં ઉનાળાની શરૂઆતમાં જ પાણી ગરમ આવવા લાગ્યું છે. આ ઉપરાંત પરબમાં લગાવવામાં આવેલ ઠંડા પાણીનું કુલર પણ છેલ્લા બે ઉનાળાથી બંધ હાલતમાં પડી રહેલ છે. જેને કારણે મુસાફરોને પૈસા ખર્ચી પાઉચ અને બોટલ લેવા પડે છે. ડેપો મેનેજર એમ.એમ. દાદુનો સંપર્ક કરતાં તેમણે જણાવેલ કે સત્વરે વોટર કુલર રીપેર કરી દેવામાં આવશે અને ઉપરની ટાંકી પર સફેદ કલર કરી ઠંડુ કરવામાં આવશે.

## ખેડબ્રહ્મામાં શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક શોભાયાત્રા નીકળી

ખેડબ્રહ્માના સકલ જૈન સમાજ અને જૈનોના શ્વેતાબંર, દિગંબર, સ્થાનકવાસી તથા તેરાપંથ એમ ચાર ફીરકાઓ દ્વારા ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણ દિવસ નિમિત્તે ગુરુવારે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હુતં. આ શોભાયાત્રા ખેડબ્રહ્માના કોળી ચકલામાં આવેલ મહાવીર સ્વામી જૈન દેરાસરથી નિકળી હાઈવે થઈ વિમલનાથ જૈન દેરાસર, દિગંબર દેરાસર રેલવે સ્ટેશન થઈ પરત ફરી હતી જેમાં કાન્તાબેન ગૌતમલાલ મહેતા, મહેતા ધરમચંદ દિનેશકુમાર, મહેતા વસંતલાલ રાકેશકુમાર, મહેતા બદામબેન પ્યારચંદ પરિવાર, મહેતા રાજુલાબેન સુમતિલાલ પરિવારોએ ધર્મલાભ લીધો હતો.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧